વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જુલાઈ, ૨૦૨૩ Vol. 17 No. 7

# समान नागरीक संहीता




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# આકસ્મીકતા અને અપાર્થીવતા

ખુદા, ભગવાન કે ગોડના નામથી ઓળખાતા અપાર્થીવ તત્ત્વને સર્વજ્ઞાની, સર્વશકતીમાન હોવાનો દાવો કરવામાં આવે છે. એની ઈચ્છા વીના પાંદડું પણ ન હાલતું હોવાના દાવા થાય છે. ઉપરાંત, એની ઈચ્છાનુસાર બધુ જ પુર્વનીર્ણીત હોવાનો દાવો થાય છે. આ દાવાઓમાં આકસ્મીકતા ફાયર મારે છે. કશુંક અણધારેલું અચાનક બની જાય છે. એ બનાવ બને તે પહેલાં અપાર્થીવ તત્ત્વોના એજન્ટોએ પુર્વનીર્ણીત બનાવો પોતે જાણે છે. એવા દાવા પણ કર્યા હોય છે. ભાવીમાં તેઓ જોઈ શકવાના આ દાવાને બનતી અણધારેલી ઘટના ફાયર મારે છે. એમના દાવા ખોટા પડે છે. આથી એમનો પ્રભાવ ઓછો થાય છે. બીજી બાજુ વીજ્ઞાન આવી આકસ્મીકતાનો તલસ્પર્શી અભ્યાસ કરે છે. એમાંથી જ એને જાણવા મળ્યું કે કેટલીક ઘટનાઓને કારણો સાથે સીધો રૈખીક સંબંધ હોય જ એવું દેખાતું નથી. ગેસમાંના સુક્ષ્મથી સુક્ષ્મ કણના વર્તન પાછળ કારણનો રૈખીક સંબંધ દેખાતો નથી. એમની મુનસુફી અનુસાર વર્તતા દેખાય છે. ખુબી એ છે કે બધા કણોના સમુહના વર્તનને તપાસવામાં આવ્યું તો તેમાં ઘણી સ્થીરતા દેખાઈ. મુંબઈના ચર્ચગેટ સ્ટેશન પર લોકલ ટ્રેન આવતા પ્લેટફોર્મ પર દરેક યાત્રી પોતાના સ્થાને પહોંચવા કેવા વાંકાચુંકા ડગલા ભરે છે, પરંતુ બધા જ યાત્રીઓની કુલ વર્તણુંક જોઈએ તો તેઓ દરવાજા તરફ એકધારા ધસે છે ! પેલા પ્રત્યેક યાત્રીના મંડાતા વાંકાચુંકા ડગલાનો કે તેના કુલ પરીણમનો અંદાજ પેલું અપાર્થીવ તત્ત્વ કાઢી શકતું નથી. આથી અપાર્થીવ તત્ત્વોના એજન્ટો માટે આકસ્મીકતા બહુ મુશ્કેલી ઉભી કરે છે.

કેટલાંક હોંશીયાર ધાર્મીક એજન્ટો સમજી ગયા છે કે અપાર્થીવ તત્ત્વના નામે એમનું ટટ્ટુ બહુ ચાલવાનું નથી. આથી એમણે એ તત્ત્વનું નવું 'કુદરત' નામ આપ્યું છે. એમણે એ દાવો કર્યો છે કે કુદરતમાં જે કંઈ બની રહયું છે તે બધું પુર્વનીર્ણીત છે, અને કુદરતના નીયમો પ્રમાણે બધું ચાલે છે. તર્કના આધારે જે કંઈ બને છે તે સમજી શકાય અને તેનું વીશ્લેષણ કરી શકાય એ વાતમાં તેઓ માનતા નથી. યદેચ્છતા અને આકસ્મીકતાને ડાર્વીન બરાબર સમજી શકયો. એણે જોયું અને પછી દુનીયાને દેખાડયું કે જીવો અને એમના શરીરના ધીમે ધીમે ચોકકસ ફેરફારો યદેચ્છ રીતે થાય છે. એમના આ ફેરફારો પેલા 'કુદરત'વાળાઓના દાવા સાથે બંધબેસતા નથી એવું પણ ડાર્વીને જણાવ્યું. આમ ડાર્વીનના આગમનને કારણે 'કુદરત'વાળા ધાર્મીક એજન્ટો પણ ટકી શકયા નહીં.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
મનસુખ નારીયા
જનક બાબરીયા
ડો. સુષ્મા ઐય્યર

૧૫ જુલાઈ, ૨૦૨૩ | સળંગ અંક : ૩૮૦ | Vol. 17 No. 7

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## સમાન નાગરીક સંહીતા

**–સુર્યકાન્ત શાહ**

આપણે રેશનાલીસ્ટો દાયકાઓથી આપણા દેશમાં સમાન નાગરીક સંહીતાની માંગણી કરીએ છીએ. એક યા બીજા કારણે તેને લાગુ પાડવામાં આવી નથી. આ સંહીતા (code) છે, ધારો (Law) નથી. એનો અર્થ એ કે સંહીતાને ધારા જેટલું કોર્ટોનું પીઠબળ મળતું નથી. સંહીતા પ્રમાણે લોકો વર્તે એવી અપેક્ષા રાખવામાં આવે છે. અલબત્ત , એને લગતી બાબતો કોર્ટમાં લઈ જવામાં આવે તો કોર્ટ એના ચુકાદા તો આપે જ છે.

દેશમાં અનેક ધર્મો, પરંપરા અને જુથો હોવાને કારણે એ દરેકમાં લગ્ન, છુટાછેડા અને વારસાને લગતા નીયમો અલગ અલગ છે. આ સંહીતાનો અમલ કરવાથી આ ત્રણે બાબતો એક જ ધોરણે વ્યવહારમાં આવે. રેશનાલીસ્ટો માને છે કે અવૈજ્ઞાનીક એવા ધર્મને કારણે આ બાબતોનાં ધોરણો અલગ હોય તે સમાજ એટલો ઈર્રેશનલ ગણાય. ધર્મ ઉપરાંત કેટલાક જુથોમાં પરંપરાનો પણ પ્રભાવ છે. ઈસલામમાં માત્ર પુરુષોને મહત્તમ ચાર પત્ની કરવાની છુટ છે. એનાથી ઉલટું મહીલાઓને મહત્તમ ચાર પતી કરવાની છુટ નથી. જો બન્નેને આવી છુટ મળતે તો તેમાં લૈંગીક ભેદભાવ વરતાય નહીં. બીજી બાજુ, હીન્દુઓમાં તો ચારની મર્યાદા

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

પણ નહોતી. કેટલાક હીન્દુઓ તો દશ-બાર પણ પત્નીઓ રાખતા હતા ! ઈ.સ. ૧૯૫૫માં હીન્દુ સંહીતા અમલમાં આવી તેથી એમને એક જ પત્ની રાખવાની આવી. મહાભારતના મહાકાવ્યમાં દ્રૌપદીને પાંચ પતી હોવાનો ઉલ્લેખ છે. તે સીવાય કોઈ પત્ની બે પતી પણ રાખી શકતી નહોતી ! ત્યાં પણ લૈંગીક ભેદભાવ હતો. ઈ. સ. ૧૯૫૫થી તે દુર થયો.

છુટાછેડાની બાબતમાં પણ એવું થયું. હીન્દુઓ માટે ઈ.સ. ૧૯૫૫થી છુટાછેડા લેવા માટે ધારાકીય વીધીમાંથી પસાર થવાનું નકકી થયું. મુસલમાનો માટે એવું નહોતું. ત્રણ તલાકથી છુટાછેડા મળતા હતા ! હવે તે ગેરકાયદેસર થતા આ બાબતમાં હીન્દુ-મુસલમાન વચ્ચે સમાનતા આવી.

વારસાની બાબતમાં અવીભકત હીન્દુ કુટુંબમાં પુરુષો જ વારસદાર બને છે. જો સમાન નાગરીક સંહીતા અમલમાં મુકાય તો સ્ત્રી પણ સમાન દાવે વારસદાર બને.

આપણા દેશમાં આશરે વીસ ટકા આદીવાસીઓ છે. લગ્ન, છુટાછેડા અને વારસાની બાબતમાં સમગ્રપણે આદીવાસીઓ અને એ આદીવાસીઓમાંનાં જુથો વીવીધ રીવાજોનું પાલન કરે છે. રેશનલ અભીગમ તો એ જ છે કે એમણે એ રીવાજોને પણ છોડવા પડે, અને સમાન નાગરીક સંહીતા પ્રમાણે જ આ ત્રણે બાબતોનો અમલ થવો જોઈએ. એમને આમાંથી બાકાત રાખવામાં આવે તો સમાન નાગરીક સંહીતા જેવું કશું રહેતું જ નથી. ઉલટું, એક એવી ઈર્રેશનલ બાબત પ્રકાશમાં આવશે કે માત્ર મુસલમાનોની કનડગત કરવા માટે જ આ સમાનતાની વાત કરવામાં આવે છે. શીખોમાં પણ આ મુદ્દા પર જુદા રીવાજો છે. સત્તાધારીઓ જો કશાયે અપવાદ વીના આ આચારસંહીતાનો અમલ કરવા માંગતા હોય તો જ તે રેશનાલ અભીગમ છે. તો જ રેશનાલીસ્ટો એમને ટેકો આપી શકે. સામાજીક અને કૌટુંબીક બાબતોમાં સમાનતાનો આગ્રહ પુર્વગ્રહયુકત, કોઈક જુથને સંજાડવાના હેતુવાળો કે પક્ષપાતી હોઈ શકે નહીં ! રેશનાલીસ્ટોએ આ બાબત ધ્યાનમાં રાખીને જ તપાસતા રહેવું પડશે કે સંહીતાની જોગવાઈઓ અને અમલ સમાનતાના ધોરણે જ થાય છે કે નહીં. જો એ પ્રમાણે નહીં થવાનું હોય તો રેશનાલીસ્ટોએ એવી સંહીતાને ટેકો આપવો જોઈએ નહીં.

---

**કલ્પેશ પટેલના ‘ચાર્વાક’માં ચાર્વાકની કથા કહેવાના ઉપક્રમમાં મુડી અને ધર્મ સત્તાના ગોપનીય ગઠબંધનને ઓળખવા અને તેને ઉદ્ઘાટીત કરવાની કોશીશ કરવામાં આવી છે.**

# કુરીવાજોથી સુરીવાજો તરફ

**–તંત્રી લેખ**

રેશનલ સંસ્થાઓ સમાજના કુરીવાજો સામે જનજાગૃતી ફેલાવવા અને સુરીવાજો સ્થાપવા પ્રયત્નો કરતી હોય છે, ત્યારે આજના સંદર્ભે સમાજમાં સ્થાપીત સુરીવાજોથી પણ માહીતગાર થઈએ.

પર્યાવરણ સુરક્ષા માટે 'દૈનીક અભીયાન ગ્રીન આર્મી ચેરીટેબલ ટ્રસ્ટ', સુરત દ્વારા વીવીધ વીસ્તારોમાં વૃક્ષારોપણ તેમ જ દરરોજ બે કલાક વૃક્ષજતન માટેની પ્રવૃત્તીઓ કરે છે. બહુ શીક્ષીત નહીં પણ બહુ દીક્ષીત અને પર્યાવરણપ્રેમી વડીલ તુલસીભાઈ માંગુકીયા, હીરાભાઈ કાકડીયા, કાનજીભાઈ કુંભારના નેતૃત્વ હેઠળ કે. કે. કંથારીયા, સુરેશ કીકાણી જેવા ૧૮૫ યુવાનોની ફોજ દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ વૃક્ષજતન માટે કામ કરે છે. વૃક્ષોને લાકડીના ટેકા આપવા, પાંજરા ગોઠવવા, નીંદામણ, ખાતર, પાણી તેમ જ બીમાર વૃક્ષોની તેઓ સારવાર કરે છે. વૃક્ષો થકી માત્ર માણસ જ નહી પણ સમગ્ર પશુ-પંખી, જીવસૃષ્ટી તથા પર્યાવરણ-વાતાવરણના ફેરફારો અને પ્રદુષણ સામે આપણું અસ્તીત્વ ટકાવી રાખી છે તેથી એની રક્ષા પ્રવૃત્તી આવશ્યક સેવા પ્રવૃત્તી છે. ગ્રીન ટ્રસ્ટની પ્રવૃત્તીઓ રોજ ચાલે છે. સમાજને નુકસાનકારક કુરીવાજોથી દુર રહી સમાજ કલ્યાણ માટે સદુપયોગી સુરીવાજો તરફ લઈ જવા માટેની આ પ્રેરણાત્મક પ્રવૃત્તી આવકાર્ય છે. અભીનંદનીય છે.

રીવાજ કુરીવાજ હોય કે સુરીવાજ, એના મુળમાં વીચારધારા અને પરંપરા હોય છે. રેશનાલીઝમના પ્રચાર-પ્રસાર કરતી સંસ્થાઓ અને વ્યકતીઓ આવી વીચારધારા અને પરંપરા કે જે વ્યકતી અને સમાજને કુરીવાજો તરફ ધકેલે છે તે બદલવા માટે પ્રયત્નશીલ હોય છે. સમાજમાં શ્રાદ્ધ કરવાનો કુરીવાજ એટલા માટે ઘર કરી ગયો છે કે એના મુળમાં પુર્વજન્મ-પુનર્જન્મની વીચારધરા છે. વ્યકતીને બાળપણથી જન્મજન્માંતર હોવાની વીચારધારાના કુસંસ્કાર આપવામાં આવે છે. આથી મોટા ભાગના માને છે કે એમના નજીકના અને વહાલા કે જે મૃત્યુ પામ્યા છે તેમનો આત્મા ખાસ કરીને શ્રાદ્ધના દીવસે બોલાવી શકાય છે. આ તેઓ ખુબ પ્રમાણીકતાપુર્વક માનતા હોય છે. જન્મજન્માંતર હોવાનું સ્વીકારીએ એટલે આત્માની હયાતીને પણ સ્વીકારવી જ પડે. આત્મા શરીર ધારણ કરે છે તે પણ એની પાછળ પાછળ સ્વીકારવું

પડે. શ્રાદ્ધના દીવસે એ આત્મા કાગડાનો દેહ ધારણ કરે છે તે પણ સ્વીકારવું પડે. આમ તો જુઠને સત્ય તરીકે પ્રજામાનસમાં ઠસાવવા માટે જુઠને સેંકડો વાર બોલવાની અનીવાર્યતા સમજાવવામાં આવી જ છે. આત્મા હોવાની અવાસ્તવીકતા સ્વીકાર્યા બાદ શ્રદ્ધાળુઓએ મરનાર કાગડાનો દેહ ધારણ કરે છે ત્યાં સુધીની અવાસ્તવીકતા સ્વીકારવી પડે. આમ શ્રાદ્ધ-નાબુદીના કુરીવાજ વીરુદ્ધની ઝુંબેશ રોગના ચીહનને દુર કરવા જેવી ઝુંબેશ છે. એ ઝુંબેશ ચાલવી જ જોઈએ, પરંતુ એનાથી આગળ વધીને આત્મા-પરમાત્માની ગલત વીચારધારાને નાબુદ કરવાના પણ પ્રયત્નો થવા જોઈએ.

એ જ પ્રમાણે કેટલીક પરંપરામાં વીચારધારા નથી હોતી. સમાજમાં ઘણા વખતથી ચાલતુ આવ્યું છે એટલે નવી પ્રજા પણ એને ચાલુ રાખે છે. એવી  કેટલીક પરંપરા કુરીવાજોને જન્મ આપે છે. હમણાં જ ગુરુપુર્ણીમા ગઈ. સારુ છે ગુરુ એટલે કે શીક્ષકનું બહુમાન કરવામાં આવે, પરંતુ ગુરુના કથનની સત્યતા કે સમાજોપયોગીતામાં શીષ્ય-વીદ્યાર્થીને શંકા જાય તો તે એ શંકા વ્યકત નહીં કરી શકવાની પરંપરા એક કુરીવાજ છે. ગુરુ કહે તે છેવટનું અને તે અંતીમ સત્ય માનવાનો પરંપરાજનીત કુરીવાજ જ્ઞાન-વીજ્ઞાનના ક્ષેત્રે ભારે નુકસાન કરે છે. પુરા વીનય સાથે ચેલો કે વીદ્યાર્થી પોતાનો મતભેદ જાહેર કરી શકે અને એની ચર્ચા ઉપાડી શકે તેવા સુરીવાજની સ્થાપના માટે રેશનલ સંસ્થાઓ અને વ્યકતીઓએ કાર્યરત બનવું જ પડે - બની રહી છે.

આવા જે કુરીવાજો હોય તેના મુળને શોધવું જોઈએ. રેશનાલીસ્ટોએ ખાસ ધ્યાન રાખવું કે આ કુરીવાજને ચાલુ રાખવાના આગ્રહી લોકો કુરીવાજના વીરોધ પર ઘણીવાર ધાર્મીક લાગણી ઉશ્કેરવાનો આરોપ મુકે છે. લોકોની ધાર્મીક લાગણી ખુબ આળી હોય છે. આથી તેઓ ઉશ્કેરાઈ જાય છે. સતી જેવા સતીના કુરીવાજની નાબુદીને પણ ધર્મવીરોધી ગણવામાં આવી હતી ! આ પરીસ્થીતીમાં રેશનાલીસ્ટોએ નર્મ, મર્મ છતાં મકકમ રહેવું પડે. ખુબ સૌજન્યશીલ રહીને રેશનાલીસ્ટો આ કાર્ય કરે એ અપેક્ષા.

---

**કલ્પેશ પટેલની ‘ચાર્વાક’માંથી : ચાર્વાક વૈદીક ધર્મના વીરોધમાંથી નહીં, પણ અધ્યાત્મવાદની સમાંતર પરીપકવ વીચારધારાની નીપજ હતા...શુદ્ધ દ્રવ્યાત્મક ભૌતીકવાદી વીદ્રોહી ચીંતક હતા.**

# અંધશ્રદ્ધા નીર્મુલન ખરડો ખાનગી વ્યકતી દ્વારા દાખલ કરવા રજુઆત

**–અશ્વીનકુમાર કારીઆ**

દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં અંધશ્રદ્ધા વીવીધ સ્વરુપોમાં વકરી રહી છે. એકના ડબલ કરવાના બહાને લાખો રુા.ની છેતરપીંડી, કોઈપણ રોગ કે સમસ્યાના ઉકેલ માટે ૧૫૧% ગેરંટી, બીમાર બાળકને ધગધગતા ડામ, વીધીના બહાને સ્ત્રી સાથે દુષ્કર્મ અથવા અપહરણ, અન્યની જગ્યા પર અનધીકૃત દબાણ વ. બનાવો છાશવારે અખબારોમાં ચમકતા હોવા છતાં, પ્રજા માનસ પર તેની કોઈ અસર નથી. તેમાં યે લીંચીયા ગામે પતી-પત્નીએ પોતાના ડોકા કાપી કરેલ કમળપુજાના કરુણ તેમ જ અરેરાટી ઉત્પન્ન કરનારા બનાવે ગુજરાતભરમાં હાહાકાર મચાવ્યો છે. આવો બનાવ એકલદોકલ નથી. હજુ ૩ માસ પહેલાં જ ગીર સોમનાથમાં કોઈ ગામે એક પીતાએ પોતાની દીકરીની કમળપુજા માટે હત્યા કરી હતી.

દેશના છ રાજયોએ અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન ઘડેલ છે. આવો કાનુન સૌ પ્રથમ મહારાષ્ટ્ર રાજયે ઘડયો. આ કાનુન માટે વર્ષો સુધી લડત આપનાર અને મહારાષ્ટ્ર વીધાનસભા સમક્ષ ૧૬ દીવસના ઉપવાસ કરનાર ડૉ. નરેન્દ્ર ડાભોલકરની ૨૦૧૩ ઓગસ્ટમાં પુણે ખાતે થયેલ હત્યા બાદ રાતોરાત અધ્યાદેશ (Ondinance) થી લાગુ કરી દીધેલ હતો. ગુજરાતમાં પણ આવી તાકીદની પીરીસ્થીતી પ્રવર્તે છે. ગુજરાત રાજયે પોતાનો પ્રગતીશીલ અને ગતીશીલ હોવાનો દાવો સાચો ઠરાવવો હોય તો આ કાનુન સત્વરે ઘડવો જોઈએ.

આ ખરડો ખાનગી રાહે ધારાસભામાં દાખલ કરવા પ્રો. અશ્વીન કારીઆએ ધારાસભ્ય અધ્યક્ષને પત્ર લખી પરવાનગી મળવા રજુઆત કરેલ છે. જો આ પરવાનગી મળે તો ખાનગી વ્યકતી દ્વારા અંધશ્રદ્ધા નીર્મુલન ખરડો રાજય વીધાનસભામાં દાખલ થવાનો આ પ્રથમ બનાવ બનશે.

---

**કલ્પેશ પટેલના 'ચાર્વાક'માં : જેને સમગ્ર જનસમુદાય અને ખાસ કરીને સત્તા ઉપર આસીન બળવાન લોકો ખોટો કહેતા હોય એના પક્ષમાં ઉભા રહીને એના વીચારોનું સમર્થન કરી એના વતી અગત્યની ગવાહી પુરી પાડવી એ એક સત્યાન્વેષી સર્જકનું ઐતીહાસીક કામ જ છે.**

## આજની પરીસ્થીતી માટે જવાબદાર કોણ ?

**–એન. વી. ચાવડા**

તાજેતરમાં એવા અખબારી અહેવાલો વાંચવા-જોવા મળ્યા કે આજના સમયમાં ભારત સરકાર ૮૧ કરોડ લોકોને મફત અનાજ પુરું પાડવાની યોજના ચલાવી રહી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે આજે દેશમાં ૮૧ કરોડ લોકો ગરીબી રેખા નીચે સબડી રહયા છે. જે આંકડો આપણા દેશ અને સમાજ માટે માત્ર ચોંકાવનારો જ નહીં, પરંતુ ભયંકર લજ્જાસ્પદ છે કારણ કે આજની સરકારે ૮૧ કરોડ જેટલા લોકોનું કારમું અમાનવીય શોષણ કરાવીને અંબાણી-અદાણી જેવા માત્ર અર્ધો ડઝન ઉદ્યોગપતીઓના ધનભડારોને છલકાવી દેવાનું કામ કર્યું છે. કમસે કમ આમ જનતાનું સર્વાંગી શોષણ કરીને ધનવાનોના ખજાના છલકાવી દેવામાં તો આપણો દેશ 'વીશ્વગુરુ' બનીને વીશ્વના અન્ય દેશોને તે એવી જ નાપાક પ્રેરણા આપી રહયો છે જ, એવું હીચકારું અને ગોઝારું કૃત્ય કરવાનું પરાક્રમ જગતનો કોઈ દેશ કદાચ કરી શકે નહીં.

પ્રશ્ન અહીં એ ઉપસ્થીત થાય છે કે આ રીતે ભારતની આમજનતા ગરીબીના મહાન ખતરામાં છે કે હીંદુધર્મ ખતરામાં છે ? દેશના વડાપ્રધાન, ગૃહપ્રધાન, સંરક્ષણ પ્રધાન વગેરે તમામ પ્રધાનો હીંદુઓ છે. લશ્કરની ત્રણેય પાંખના વડાઓ, મુખ્ય પોલીસ અધીકારીઓ, વરીષ્ઠ વહીવટી અમલદારો, મોટા ઉદ્યોગપતીઓ અને વેપારીઓ વગેરે તમામ હીંદુઓ જ છે, છતાંય આજે હીંદુ આમ જનતા અને હીંદુ ધર્મ જો ખતરામાં હોય તો તે માટે જવાબદાર કોણ હોઈ શકે ? શું મંદીર-મસ્જીદ વીવાદો કરવાથી આ પ્રશ્ન હલ થઈ જવાનો છે ?

## શાશ્વતમાં શાંત્વન !

કોણ જાણે કેમ પણ જે શાશ્વત હોય, સનાતન હોય તે પરત્વે આકર્ષણ હોય છે. આપણને એવું લાગે છે કે જે સૈકાઓથી અપરીવર્તનીય રહયું છે તેમાં કોઈક સારું તત્ત્વ હોવું જોઈએ. આપણે માનીએ છીએ કે એ સમયની કસોટી પરથી પાર ઉતર્યું છે. આપણા ધાર્મીક નેતાઓએ આ લાગણીનો ભરપુર દુરુપયોગ કર્યો છે. તેઓ આપણા બાળપણથી આપણા મગજમાં એક કચરો ભરી દેતા હોય છે કે અવાસ્તવીક એવો ભગવાન, ખુદા, ગોડ વગેરે નામથી ઓળખાતું અપાર્થીવ તત્ત્વ શાશ્વત છે, સનાતન છે. એનામાં કશો ફેરફાર થતો નથી. એ ભુત અને વર્તમાનની કસોટી પરથી પાર ઉતર્યું છે. આથી એ ભાવીમાં પણ આપણી સાથે રહેશે જ. એ જ શાશ્વત ધોરણે આપણો ઉદ્ધારક છે. અલબત્ત, બાબત એ દુઃખદ છે કે આપણે પોતે અને આપણું સમગ્ર પર્યાવરણ સતત પરીવર્તન પામે છે. આ પરીવર્તન સાથે પેલા અવાસ્તવીક અપાર્થીવ તરવનો કોઈ મેળ ખાતો જ નથી, છતાં એ કાયમી છે, શાશ્વત છે, સનાતન છે એવી જુઠી માન્યતાને આધારે એ સતત આપણે માથે ઠોકાયા કરે છે.

# સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના આંતરસંબંધો

**–સુર્યકાન્ત શાહ**

તા. ૯-૦૪-૨૦૨૩ ના રોજ કીમ એજયુકેશન સોસાયટીના પરીસરમાં સત્યશોધક સભા અને કીમ એજયુકેશન સોસાયટીના સંયુકત ઉપક્રમે એક નવતર શીબીર યોજાઈ ગયો.




'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભુષીત **ઉત્તમ પરમાર**ની આગેવાની હેઠળ આ શીબીરે પધારેલા ડેલીગેટોને જ્ઞાનસમૃદ્ધ કર્યા. એમ. એસ. યુનીવર્સીટીના **ડૉ. ભરત મહેતા**ની કાર્યકુશળતાને પરીણામે આ શીબીરમાં ગુજરાતભરના નામાંકીત સાહીત્યકારો અને ચીંતકો આ શીબીરમાં ભેગા થયા. એમણે એમના વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરીમાં ભાગીદાર બનીને શ્રોતાઓને સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના સાચા આંતર સંબંધો દર્શાવ્યા. ઉદ્‌ઘાટન બેઠક ઉપરાંત ચાર બેઠકોમાં આ આંતરસંબંધોના જુદાં જુદાં ચાર પાસાં પર ચીંતન-મનન થયાં.

ઉદ્‌ઘાટન બેઠકમાં સત્યશોધક સભાના મંત્રી **જાદવ વેકરીઆ**એ અગ્ની પ્રાગટય કરીને આડકતરી રીતે હાજર રહેલાઓને સમજાવ્યું કે કહેવાતા ચમત્કારોના મુળમાં કોઈને કોઈ વીજ્ઞાને પ્રસ્થાપીત કરેલો સીદ્ધાંત કામ કરે છે. **ઉત્તમ પરમારે** સૌને આવકારતા જણાવ્યું કે શૈક્ષણીક સંસ્થાઓમાં ચાલતા વૈધીક શીક્ષણ ઉપરાંત આવા શીબીરો દ્વારા લોકને જે અવૈધીક શીક્ષણ રાખવામાં આવે છે તે બહેતર પરીણામો લાવે છે. મહેમાનોને આવકારતા

એમણે જણાવ્યું કે સાહીત્યકારો અને ચીંતકો જ જો આવા આંતરસંબંધોને સમજે અને સમજાવે તો આપણા સમાજ અને તેના આંતરપ્રવાહોને આપણે વધારે પારદર્શી રીતે સમજી શકીએ છીએ. સત્યશોધક સભા સાથે આ પ્રમાણે સહકારથી શીબીર યોજવાનું અમારી એજયુકેશન સોસાયટી અને મને ગૌરવ છે. આખા કાર્યક્રમના પ્રાણસ્વરુપ **ડો. ભરત મહેતા**એ સાહીત્ય સમાજના પ્રતીબીંબ હોવા ઉપરાંત સમાજને પ્રગતીના પંથે લઈ જવાના માર્ગદર્શકનું પણ કામ કરે છે તે જણાવ્યું. પહેલી બેઠકના વકતા **ડો. દીલીપ બારડ** ભાવનગર યુનીવર્સીટીના વીભાગીય વડા હોવા ઉપરાંત એક ઉત્તમ સાહીત્યકાર અને વીવેચક હોવાનું જણાવ્યું. એમની કેટલીક કૃતીઓનો સંદર્ભ લઈ બારડની સાહીત્ય પ્રતીભાની **ડો. મહેતા**એ ઝાંખી કરાવી. સત્યશોધક સભાના ઉપપ્રમુખ **મનસુખ નારીઆ**એ સત્યશોધક સભાનો પરીચય આપતા જણાવ્યું કે સભા માત્ર વહેમ-અંધશ્રદ્ધા વીરુદ્ધ અભીયાન ચલાવતી નથી, પરંતુ સમાજ રેશનાલીઝમથી પરીચીત થાય તે માટે પણ ઝઝુમે છે. **સુર્યકાન્ત શાહે** પ્રમુખીય ઉદ્‌બોધન કરતા ઉત્તમભાઈ તરફથી સ્થળ, આર્થીક અને વ્યવસ્થાકીય સહયોગ મળ્યો તે પરત્વે આભારની લાગણી પ્રગટ કરી હતી. ભરત મહેતા તરફથી વકતાઓની પસંદગી એમની સંમતી-પ્રાપ્તી, વીષયાંગોની ફાળવણી અને બધી જ બેઠકોના આયોજન કરવાનો જે સહયોગ મળ્યો તેની સકદર નોંધ લીધી હતી. વીષય ખરેખર ગંભીર હોવાનું જણાવી શાહે જણાવ્યું કે આવા ગંભીર વીષયો પર પોતાના વીચારો વ્યકત કરવા તજજ્ઞોએ સંમતી આપી અને જુદી જુદી બેઠકોનું પ્રમુખપદ સંભાળવા પણ વડીલો તૈયાર થયા તેની સહર્ષ નોંધ લીધી હતી. આમ તો કીમ તાલુકા મથક અને ત્યાં પહોંચવાનું જરા મુશ્કેલ તો પણ મોટી સંખ્યામાં શ્રોતાઓ અને રસીકો આવ્યા તે પરત્વે હર્ષ દર્શાવ્યો હતો.

સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમનો એક આંતરસંબંધ સાહીત્યમાં વીજ્ઞાનપ્રચુર પરીકથાઓની થયેલી રચનામાં દેખાય છે. રામાયણ જેવા મહાકાવ્યમાં વીમાનની કલ્પના હોય તો તે માત્ર કલ્પના છે. કવીના મનમાં ઉઠતા તરંગ છે. એ વીજ્ઞાનપ્રચુર પરીકથા નથી. તેમાં વળી આવી કલ્પના એક હકીકત હતી તેવો કોઈપણ ધર્મ દાવો કરે ત્યારે સમજી શકાય એવું છે કે એમાંથી વીજ્ઞાન ભાગી જાય ! વૈજ્ઞાનીક સંશોધન હોય, જે પરીકથાના મુળમાં કોઈક વૈજ્ઞાનીક અભીગમ હોય કે કોઈક વૈજ્ઞાનીક સંશોધન હોય, એ વીજ્ઞાનપ્રચુર પરીકથા કહી શકાય. આવી લખાયેલી અનેક પરીકથાઓ સાહીત્ય અને વીજ્ઞાનના આંતરસંબધોને દર્શાવે છે. એચ. જી. વેલ્સની 'ધી ટાઈમ મશીન' અને એવી એમની બીજી સાહીત્યીક કૃતીઓ એનો એક દાખલો છે. હમણાં જ ૨૦૨૩ માં ઓસ્કારથી પુરસ્કૃત 'એવરીથીંગ, એવરીવહેર ઓલ એટ વન્સ.' સુધીની સાહીત્યીક કૃતીઓ આ આંતરસંબંધનાં ઉત્તમ ઉદાહરણો છે.

રેનેસાં એટલે કે નવજાગૃતી વાસ્તવમાં ચૌદમી સદીથી યુરોપમાં શરુ થયેલી. તે પહેલાં આપણા જનજીવનમાં વૈજ્ઞાનીક અભીગમ અને એના સાચા સ્વરુપમાં વીજ્ઞાનનું સ્થાન નહોતું. શીકારી જીવનમાં જે માણસે સૌથી પહેલો પથ્થર ઉંચકયો, અને જંગલમાંના પ્રાણીને મારવાને નાંખ્યો ત્યારથી ટેકનોલોજી શરુ થઈ ગઈ હતી. મતલબ કે ચૌદમી સદી પહેલા ટેકનોલોજી તો હતી, પરંતુ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ વીનાની ! એ અનુભવ આધારીત હતી. આથી ચૌદમી સદી પહેલા વીશ્વના કોઈપણ ખુણે રચાયેલા સાહીત્ય સાથે વૈજ્ઞાનીક અભીગમના સંબંધનો સવાલ જ ઉભો થતો નથી. એ કૃતીઓમાં અલબત્ત, માનવતાવાદ, માનવવાદ, સંવાદપદ્ધતી, ઉદારમતવાદ જેવા ગુણોનો સમાવેશ થતો હતો. આ સંદર્ભે પેલી ટેકનોલોજીની જેમ ચાર્વાક અને બુદ્ધ જેવાના, પ્રસ્થાપીત ધર્મો સામેના પડકાર ફેંકતા સાહીત્યમાં પણ વૈજ્ઞાનીક અભીગમ વીનાના ઉચ્ચ વીચારો હતા. આપણે રેશનાલીસ્ટોએ એ સમજવું પડશે કે વૈજ્ઞાનીક અભીગમમાં પુરાવા, વારંવારની કસોટીઓ, ખુલ્લુ મગજ, અનુભવ અને અવલોકનોનાં નીર્ભેળ તારણો, નવી પ્રતીતીકારક પુરાવાઓથી સંચીત માહીતી-સમજણનો સમાવેશ થાય છે. વહેમ-અંધશ્રદ્ધા જેવી વાહીયાત વાતોને વીદાય આપવામાં આવે અને વૈજ્ઞાનીક અભીગમના અંશને વધારવામાં આવે તો કહી શકાય કે સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના સંબંધ બંધાયા. ‘સરસ્વતીચંદ્ર’માં માટલામાં દેવલા-દેવલીઓની ધાતુની પ્રતીમાઓને પધરાવી દેવાનો પ્રસંગ એના એક ઉદાહરણ તરીકે લઈ શકાય.

આજની શીબીરમાં ત્રીજો મુદ્દો સમજવો-સમજાવવો જરા મુશ્કેલ છે. સાહીત્યમાં ભ્રામક અથવા અવૈજ્ઞાનીક અભીગમને આપણે સમજવાનો છે. કોઈક અવૈજ્ઞાનીક માન્યતાને વૈજ્ઞાનીક સંપુટ ચઢાવીને તે વીજ્ઞાન-સીદ્ધ હોવાનું સાહીત્યમાં દર્શાવવાનો પ્રયત્ન થાય ત્યારે આ વીકૃત સંબંધના દર્શન થાય છે. ભારત સહીત અન્ય દેશોમાં પણ ધર્મની ભાંગ પીને બેઠેલા લોકો રેશનાલીઝમને અપનાવે નહીં તે સમજી શકાય છે, પરંતુ એ લોકમાંના ચતુર આગેવાનો અને સાહીત્યકારો પણ સમજી ગયા છે કે વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ સાથે બાથ ભીડી શકાય એમ નથી. આથી તેઓ પ્રસ્થાપીત અનેક અવૈજ્ઞાનીક માન્યતાઓ વૈજ્ઞાનીક હોવાનું સાહીત્યમાં પ્રસ્થાપીત કરે છે. સમાજને રેશનાલીઝમ તરફ દોરી જવાના માર્ગમાં સાહીત્કારોનો આ ચાળો સૌથી મોટા વીઘ્નસ્વરુપ છે. શ્રોતાઓ મને માફ કરે, છતાં મને કહેવા દો કે મીસાઈલ મેનથી ઓળખાતા અને દેશની પ્રથમ પંકતીમાં વૈજ્ઞાનીક તરીકે સ્થાન પામી ચુકેલા આપણા ભુતપુર્વ રાષ્ટ્રપતી અબ્દુલકલામે સાહીત્યમાં ભ્રામક વૈજ્ઞાનીક અભીગમને સ્થાન આપવામાં પણ

પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે ! આત્મવૃત્તાંત સાહીત્યનો જ એક પ્રકાર છે. 'પરંતપ' નામના એમના આત્મવૃત્તાંતમાં પ્રમુખસ્વામી પરત્વેની એમની ભકતી, અને છેવટે એમનો હાથ પકડીને એમણે કરેલ સ્વર્ગની યાત્રાનું જે વર્ણન કલામે કર્યું છે, અને તે વૈજ્ઞાનીક કસોટીમાંથી પાર ઉતર્યાનો એમણે જે જુઠ્ઠો દાવો કર્યો છે તે સાચે જ સાહીત્યમાં ભ્રામકતાના ઉંડે ને ઉંડે ઉતરી જતા મુળીયાનું દ્યોતક છે.

આમ આજે આપણે જે ત્રીવીધ મુદ્દાઓ પર ચર્ચા-મીમાંસા કરવાના છીએ તેનો હેતુ એ છે કે આપણા સાહીત્યકારો થોડા થોડા પણ વીવેકબુદ્ધીવાળા બને. એમની રચનાઓ દ્વારા તેઓ અવૈજ્ઞાનીકતા નહીં ફેલાવે. ઘટનાઓનું વર્ણન કરે તેમાં સંવેદનાઓને જરુર સ્થાન આપે, પરંતુ તે વર્ણનમાં અવૈજ્ઞાનીકતાને બદલે વૈજ્ઞાનીકતાને સ્થાન આપે. સાહીત્યકારો માટે આ શકય છે. વૈજ્ઞાનીકતા આધારીત એમનું સાહીત્ય વધારે વાસ્તવદર્શી બનશે. વાચકને તેથી તે વધુ પોતીકુ લાગશે. એમને વધારે ઉર્ધ્વ એવો રસાસ્વાદ માણવાનો મળશે. આશા છે કે શીબીરના અંતે આપણે પણ સાહીત્યને વૈજ્ઞાનીકતાના માપદંડ માપવાની વધારે ક્ષમતા પ્રાપ્ત કરીને છુટા પડીશું. (વધુ આવતા અંકે)

## શું કાર્ય–કારણનો સંબંધ અબાધીત છે ?

સચરાચર તો હકીકતોનો સરવાળો છે. આ બધી હકકતોનાં કારણ હોય જ એવું કહી શકાતું નથી. કોઈક વ્યકતી કે વૈજ્ઞાનીકે કરેલ અવલોકન દરેક પ્રસંગે હકીકતોના કારણ તરીકે સ્વીકારવું જ પડે એવું નથી. સચરાચરનું સર્જન કેવી રીતે થયું તેનું વર્ણન થઈ શકે છે, પણ એ કયા કારણે પેદા થયું તે કહી શકાતું નથી !

* * *

ન્યુટનનાં સમય, અવકાશ, સ્થળ અને ગતીની વ્યાખ્યાઓ વીજ્ઞાને આપી દીધી છે. અગત્યનું એ છે કે સામાન્ય માણસો તો આ ચારે અને એવાં અન્ય તત્ત્વોને પોતાની ઈન્દ્રીયો દ્વારા જે અનુભુતી થાય છે તે અનુભુતીને જ સમય, અવકાશ, સ્થળ અને ગતી તરીકે સ્વીકારે છે. એના આ સ્વીકારમાં એના અનુભવમાંથી પેદા થતાં પુર્વગ્રહ બોલે છે. સમય જો એને માટે કલાક-મીનીટ હોય તો એ સમયને પૃથ્વીના એની ધરી પર ફરવા સાથે જોડશે નહીં. એનો પુર્વગ્રહ બંધાયો છે કે સમય એટલે કલાક-મીનીટ !

* * *

માત્ર સમય પસાર કરવા માટે, નહીં કે સમજવા માટે, પુસ્તકો વાંચનારા પુસ્તકોનું વાંચતા પહેલા જ ખુન કરે છે.

**–રોર્મ મેકોલે**

# ઈતીહાસનું પુનરાવર્તન થતુ નથી

કુદરતના અનેક કાર્ય-કારણના સંબંધોને વીજ્ઞાને ખુલ્લા પાડયા છે અને સમજયા છે. પરીણામે માનવજાતને ઘણાં સુખાનંદ મળ્યા છે. હજી ઘણા સંબંધો જાણવાના બાકી છે. જે સમજયા છીએ તેમા પણ અનીશ્ચીતતાનું તત્ત્વ સમાન કારણનાં સમાન પરીણામ લાવે એવું કેટલીકવાર બનતું નથી. અત્યારની આપણી સમજની આ પરીસ્થીતી છે. તેથી ઈતીહાસનું પુનરાવર્તન થયા કરવાનું વીધાન અવાસ્તવીક બને છે. સમાન કારણને પરીણામે બનતી ઘટના સમાન હોવાનું નહીં પણ પુર્વે જે ઘટના બની તેના જેવી બન્યાનું દેખાય છે. સો એ સો ટકા સમાન બનાવને બદલે પુર્વે જે બનેલો તેના જેવો લગભગ એ બન્યો એમ કહેવું વધારે વાસ્તવીક બનશે. આથી જયારે રેશનાલીસ્ટો ઘટનાઓનું મુલ્યાંકન કરે ત્યારે સો ટકા સમાનતાને બદલે આશરે કેટલી સમાનતા હતી તે શોધે. આવો અભીગમ રાખવાથી પુર્વગ્રહોમાંથી મુકતી મળે છે, અને દરેક નવી ઘટનાને ખુલ્લા મનથી તપાસી શકાય છે. આપણા જડબેસલાક પુર્વગ્રહોને કારણે જ  આપણે અમુક કોમ કે જાતી અમુક રીતે જ વર્તશે એવી પુર્વગ્રહયુકત આગાહી કરી સમાજનું વીભાજન કરીએ છીએ. રેશનાલીસ્ટોએ આવા પુર્વગ્રહથી બચવું જ જોઈએ.

## ભાવેશ મેરજા સંપાદીત અને અનુવાદીત દયાનંદ સરસ્વતી રચીત 'સત્યાર્થ પ્રકાશક'માં જૈનોને નાસ્તીક ગણવામાં આવ્યા છે – અહીં નાસ્તીક પ્રશ્ન કરે છે અને આસ્તીક દયાનંદ જવાબ આપે છે

**પ્રશ્ન :** પરમેશ્વર દયાળુ અને ન્યાયકારી છે કે નહી ?

**ઉત્તર :** છે.

**પ્રશ્ન :** આ બંને ગુણ તો પરસ્પર વીરુદ્ધ છે. જો ન્યાય કરે તો દયા ન રહે અને દયા કરે તો ન્યાય ન રહે, કારણ કે ન્યાય તેને કહે છે કે જેમાં કર્તાને તેનાં કર્મ અનુસાર સુખ દુઃખ પહોંચાડવું - ન વધારે, ન ઓછું. જયારે દયા તેને કહે છે કે જેમાં અપરાધીને દંડ આપ્યા વગર જ છોડી મુકવામાં આવે.

**ઉત્તર :** ન્યાય અને દયામાં નામ માત્ર જ ભેદ છે કારણ કે જે પ્રયોજન ન્યાયથી સીદ્ધ થાય છે તે જ પ્રયોજન દયાથી સીદ્ધ થાય છે. દંડ આપવાનું પ્રયોજન એ છે કે મનુષ્ય અપરાધ કરતો બંધ થાય અને દુઃખોને પ્રાપ્ત ન થાય, અને અન્યના દુઃખોને છોડાવવાનું જ નામ દયા છે. વળી તમે જે ન્યાય અને દયાનો અર્થ કર્યો છે તે ઠીક નથી કારણ કે જેણે જેવો

અને જેટલો અપરાધ કે દુષ્ટ કર્મ કર્યું હોય તેને તેવો અને તેટલો જ દંડ આપવો એનું નામ ન્યાય છે. જો અપરાધીને દંડ આપવામાં ન આવે તો દયાનો નાશ થઈ જાય. જેમ કે, એક અપરાધી ડાકુને દંડ આપ્યા વગર છોડી મુકવો એ હજારો ધર્માત્મા લોકોને દુઃખ આપવા જેવું છે. જયારે એકને છોડી મુકવાથી હજારો લોકોને દુઃખ પ્રાપ્ત થતું હોય તો તે દયા શી રીતે હોઈ શકે ? ડાકુ પર દયા એ જ છે કે તેને જેલમાં પૂરવામાં આવે, જેથી તેને આગળ વધુ પાપ કરતો બચાવી શકાય. ડાકુને જેલમાં પુરવામાં હકીકતમાં તો એ ડાકુ પર અથવા તેને મૃત્યુદંડ આપવામાં અન્ય હજારો મનુષ્યો પર દયા જ પ્રકાશીત થાય છે.

## ચીંતનકણીકા

**–મોહનભાઈ પટેલ**
**97278 18391**

- ભુતકાળને કારણે મુંઝાવું નહીં, ભવીષ્યના દીવા-સ્વપ્નોમા રાચવું નહી, માત્ર વર્તમાન પર ધ્યાન આપણું તે ખુશી મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. **–ગૌતમ બુદ્ધ**
- આત્મહત્યા પર મલ્ટીફેક્ટોરીયલ હોય છે. જેમાં માનસીક અસ્થીરતા જેવી કે હતાશા, બાયપોલર ડીસ ઓર્ડર, વ્યસન, ન્યુરો ટ્રાન્સમીટરનું અસંતુલન. એ સીવાય અનુવાંશીક પરીબળો આત્મહત્યા માટે જવાબદાર હોઈ શકે. જેમાં ખાસ કરીને બાહય આઘાતજનક બનાવો, શારીરીક બીમારી, બળાત્કાર હેરાનગતી, નાણાકીય મુશ્કેલી - ઘરેલુ હીંસા - ઝઘડા વગેરે કારણો પણ હોઈ શકે.**–તૃપ્તી પટેલ**
- સામાન્ય માનવીઓ ધર્મને સાચો ગણે - ડાહયા-બુદ્ધીજીવીઓ એને ખોટો ગણે અને રાજકારણીઓ એને ઉપયોગી સમજે છે.
- ડાહયા-વીવેકબુદ્ધીવાળા માણસો તો પોતાની મુશ્કેલીઓનો ઉકેલ બુદ્ધી અને બાહુબળથી લાવવા મથે છે, જયારે મુર્ખાઓ-અંધશ્રદ્ધાળુઓ, જયોતીષો-તાંત્રીકો-માંત્રીકો વગેરે પાસે દોડી જઈને બરબાદ થાય છે. **–જવાહરલાલ નહેરુ**
- જે વ્યકતી મનથી ભાંગી પડે છે. એ સમય જતાં તનથી પણ ભાંગી પડે છે. માટે મકકમ અને દ્રઢ મનોબળવાળા બનવાની આવી પરીસ્થીતીમાં ખુબ જરુર પડે છે. આ મ કરવાથી તમારો જુસ્સો અને આત્મવીશ્વાસ વધશે અને તાજા-માજા રહેશો તો જ તમારી નકકી કરેલી મંજીલે જરુરથી પહોંચી શકશો. **–બીન્દુબેન કચરા**
- દુનીયાના મોટા ભાગના લોકો જો ખોટી માન્યતાઓ વીચાર થકી દુર થઈ જાય તો વીશ્વની ખુબ જ મોટી મુશ્કેલીઓનો એક ઝાટકે અંત આવી જાય તેમ છે. **–બર્ટ્રાન રસેલ**

# રેશનલ લઘુકાવ્યો

–રમેશ પટેલ

* દરેક ક્ષણ
આપણા માટે
હોય છે
શુભ.
અશુભ હોય છે
મનના અંધારા
કુવામાં પડેલું
અવાવરું જળ !

* *

* મેં
ભગવાનને
કરી પ્રાર્થના,
છતાં હું થયો
નાપાસ !'

*

* કાચનું વાસણ
ફુટી જવું કે
દુધ ઉભરાઈ જવું
એ એક અચાનક
બનતી માનવ-ઘટના
જ છે દોસ્તો !

* *

* અશુભ પ્રસંગે થતા
ક્રીયાકાંડ જોઈ
આત્મા (?)
અનુભવે છે.
દુઃખ !

* *

* ધર્મગ્રંથોનો

* ઉપજાવી કાઢેલ
બકવાસ કરતાં
કોઈ કવીનો
'રેશનલ'-કાવ્યસંગ્રહ
વાંચો
તો તમારો
ઈશ્વર (?) થશે
જરુર
રાજી.....રાજી...!

* *

* મંદીરોમાં
માતાઓ - ભગવાનના
અતી બીહામણા
સ્વરુપો જોઈ થયુ !
ભગવાન તું આવો
કેમ ?!'

* *

* અબળાને
સબળા બનાવવા
સ્વરક્ષણની તાલીમ
ફરજીયાત
બનાવીએ !

* *

* ભયાનક ઝેરી
પ્રદુષણ ફેલાવનાર
ફટાકડા ફોડવા
ઉપર પ્રતીબંધ
સરકાર જરુર
વીચારશે જ !

* *

* આ જગતમાં
અન્વેષણ
સત્યનું જ હોય,
અસત્યનું નહીં જ
હોય !

* *

* ઉત્સવોનો
ઉત્સર્ગ અવાજ અને
ગંદકીનું
સામ્રાજય ફેલાવે
છે !

* *

* તર્ક વીતર્કથી વીચારનારા
ચીંતનશીલ શીક્ષકો જ સામાજીક
પરીવર્તન લાવી શકે !

* *

* કામાખ્યા
મંદીરમાં
થતી
બકરાની
બલી 'ભુતાન
સરકાર'નું
લોહીયાળ કલંકીત
સ્થળ છે !

* *

* સમાજની
આંધળી
શ્રદ્ધા એટલે જ
અંધશ્રદ્ધા !

* *

* માણસ
ગમે તે વસતીમાં
ઘર વસાવી શકે'
એવો 'કાયદો' હશે ત્યારે
ભારતમાં સર્વત્ર શાંતી
હશે જરુર !

* *

* પ્રાર્થના સાંભળી
ભકતોની
ઈશ્વર કશું જ નથી આપતો,
તો પછી-
આપણે ભીખારી શા માટે
બનીએ ?

* *

* આપણા પરીપકવ
'આચાર-વીચાર-વ્યવહારમાં'
જો તર્કવીતર્ક કરીશું તો
આપણે આનંદ-ઉત્સાહથી
જીવી શકીશું જરુર !

* *

* ધર્મ સુધારક કરતાં ય
ક્રાંતીકારી વ્યકતી
'મુઠ્ઠી ઉંચેરો માનવ' કહી
શકાય !

* *

* પ્રેમ-લગ્ન કરનારા
કયાં
જન્મકુંડળી મેળવે
છતાં
તેઓ સુખી-આનંદી છે જ !

* *

* કલ્પનાનું
અદ્ભુત
પાત્ર છે : ઈશ્વર !

* *

* આ ગુરુઓના
આશ્રમોને
સ્થાને જરુર છે
આપણને
છાત્રાલયોની, દોસ્તો !

* *

* મરતાં મરતાં
બીજાને જીવાડવા
જરૂર કરો
અંગદાન-દેહદાન !

* *

* દહેજ અને
સ્ત્રીનું શોષણ
કરનારને સજા કરો
ફાંસીની !

* *

* 'પાપ' ના ભયથી
માનવીઓ અપનાવે
છે : ધર્મો !

* *

* હે ઈશ્વર
તું દયાળુ - ઉદાર છે
આથી જ તો તું
મંદીરોમાં થતી ચોરીને
રોકતો નથી !

* *

* વેર-ઝેર દ્વેષભાવ,
ઉંચ-નીચ,
ઝનુન, ગુસ્સો જેવી
ખંડનાત્મક વૃત્તીઓ
લાગણીઓનું નીંદણ
કરીએ તો જ સારા
માણસ બની શકીશું !

* *

# કુદરતમાં અનીશ્ચીતતાનું તત્ત્વ

કુદરતમાં અનીશ્ચીતતાનું તત્ત્વ એટલે એ તત્ત્વ કે જેના વર્તનના રહસ્યને વીજ્ઞાન પામી શકયું નથી. જે અનીશ્ચીત તત્ત્વ કશું નુકસાન નથી કરતું. તેના પર ધર્મના દલાલો જાણીબુઝીને ધ્યાન આપતા નથી. એમના અસીલો એટલે કે ભગતો એના પર ધ્યાન નહીં આપે તે આ દલાલો જુએ છે. આટલું કર્યા પછી જે અનીશ્ચીતતાનું તત્ત્વ નુકસાન કરે છે તેના પર પોતાનું અને ભગતોનું ધ્યાન ખેંચે છે. જે નુકસાન થયું તે પ્રભુની અવકૃપાથી ઓળખાવે છે. ભગતો તે પ્રમાણે સ્વીકારે તેના આ દલાલોએ સફળ પ્રયત્નો કર્યા છે.

બીજી બાજુ વીજ્ઞાન આ અનીશ્ચીતતાના તત્ત્વના વર્તનનો સતત અભ્યાસ કરતું જ રહયું. પરીણામે ગર્ભમાં છોકરો છે કે છોકરી જેવા અત્યાર સુધી આગાહી નહીં કરી શકાય તેની આગાહી કરી શકાય તેવાં અનેક સંશોધનો થયાં. જેમ જેમ અનીશ્ચીતતાના તત્ત્વને વીજ્ઞાન સમજતું થયું અને લોકોને સમજાવતું ગયું તેમ તેમ આ દલાલો પીછેહઠ કરતા ગયા. આથી નવા નવા નુસખા અજમાવીને ભગતોને ભરમાવવાની દુકાન ચાલુ રાખી શકયા. આમ છતાં, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી ગણનાપાત્ર લોકોને આ દલાલેના ષડયંત્ર સમજાવા લાગ્યા. એવા લોકોએ વૈજ્ઞાનીક અભીગમ કેળવ્યો, અને લોકોને તે કેળવવાનો અનુરોધ કરવા માંડયો. વીજ્ઞાન હવે અનીશ્ચીતતતાને જ સમજવાની કોશીશ કરી રહયું છે. ગઈ કાલે જે અનીશ્ચીતતાના તત્ત્વને દોહરાવી દોહરાવી દલાલો ભગતોને પકડી રાખતા હતા તેવા તત્ત્વનો ઈતીહાસ આપણે રેશનાલીસ્ટોએ ભગતોને સમજાવવો જોઈએ. એમને ખ્યાલ આપવો જોઈએ કે આ તત્ત્વના નામે દલાલો ખુબ કમાતા હતા. જે તત્ત્વની અનીશ્ચીતતા વૈજ્ઞાનીકો સમજાવવા માંડયા તેવાં તત્ત્વોને દલાલો પડતા મુકવા માંડયા.


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો.

# રેશનલ કાવ્ય

**–કીરણસીંહ ચૌહાણ**

બહું નહીં તો એક-બે અરમાન વેચી નાખશે,
એને જે મળતું હશે એ સ્થાન વેચી નાંખશે.

રોજ પુજા-પાઠમાં હમણાં તો એ બહુ વ્યસ્ત છે,
ભાવ સારો આવે તો ભગવાન વેચી નાંખશે.

જોઈને લાગ્યું જ નહોતું આપણા સાધુપુરુષ,
કોઈ પગરવ માટે એનું ધ્યાન વેચી નાંખશે.

દાનમાં આવેલ પૈસે પુસ્તકો છાપ્યાં પછી,
પુસ્તકો આપીને પેલું દાન વેચી નાંખશે.

ટોચ પર પહોંચી ગયાની ખાતરી કરશે પછી,
એ સફળતાના બધા સોપાન વેચી નાંખશે.

---

કમલેશ પટેલના 'ચાર્વાક'માંથી : આધ્યત્મ્યવાદીઓનું મુળ ચારીત્ર્ય હંમેશાંથી આક્રમક અને હીંસક રહયું છે....ચાર્વાકના વીચારોને ખોટા ના પ્રમાણીત કરી શકયા તો ચાર્વાકની વીરુદ્ધમાં સાજીશ કરતા થયા. ચાર્વાકના ગ્રંથોને સળગાવી દેવામાં આવ્યા. ચાર્વાકના વીચારબીજને યેનકેન પ્રકારે ખતમ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા.

## બીલ્લી પગે સરકારની પીછેહઠ !

સરકારે એનસીઈઆરટી મારફતે પાઠયપુસ્તકોમાંથી મોગલ રાજ, ડાર્વીનનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત, રસાયણશાસ્ત્રના ટેબલો અને લોકશાહીને લગતાં પ્રકરણો કાઢી નાંખેલા. જે પ્રકારના શાસકો આપણે પસંદ કર્યા છે તે જોતા ઘણા તો વીરોધ કરતા જ નથી. એમને ભય લાગે છે કે વીરોધ એમને હેરાન પરેશાન કરી નાંખશે. આમ છતાં કેટલાક વીરલાઓને જે સારું-નરસુ વાજબી-રેશનલ  લાગે છે તે દર્શાવે જ છે. સત્યશોધક સભાએ 'સત્યાન્વેષણ' દ્વારા એનસીઈઆરટીના નીર્ણયોનો વીરાધ કરેલો. હવે એવું જાણવા મળે છે કે કેન્દ્રના શીક્ષણ મંત્રી પ્રધાને જાહેર કર્યું છે કે પ્રકરણ-નાબુદીનો કોઈ નીર્ણય લેવાયો જ નથી ! આપણે આશા રાખીએ કે પ્રધાન અને એમને પગલે પગલે એનસીઈઆરટી પ્રકરણોને પાઠયપુસ્તમાં પુનઃ સ્થાન આપશે.

આવું જ કંઈક ધીરેન્દ્ર શાસ્ત્રીના કીસ્સામાં બન્યું છે. સ્પષ્ટ દેખાતું હતું કે આ બાવાને શાસક પક્ષનો પુરો ટેકો હતો. એ ટેકો હતો એટલે જ શાસ્ત્રી હનુમાનના નામે ભલભલા ચમત્કારો કરવાનો દાવો કરતા હતા. એમનો પણ વીરોધ થયેલો. ગયા અંકમાં જણાવ્યું તેમ આપણા જયંત પંડયા એ વીરોધમાં અગ્રણી રહયા. સત્યશોધક સભાએ પણ તેનો વીરોદા કરેલો. 'સત્યાન્વેષણ' અને કેટલાક અખબારોમાં એ વીરોધનો પાઠ પ્રસીદ્ધ થયો હતો. હવે સમાચાર છે કે શાસ્ત્રી એકાદ મહીના માટે એકાંતવાસમાં ચાલી ગયા છે !

આ બન્ને બનાવોમાં એક સમાનતા છે. શાસકોનો દાવ જયારે ચાલતો નથી ત્યારે તેઓ છાનામાના બીલ્લીપગે પીછેહઠ કરી લે છે !

## રણછોડજી દરેક મનુષ્યના દીલમાં વસે છે !

**–એન. વી. ચાવડા**

જગતના તમામ દેશોમાં ઈશ્વર, ધર્મ અને અધ્યાત્મના પ્રચારક વીદ્વાનો એવો પ્રચાર કરે છે કે 'રણછોડજી (અર્થાત્ ઈશ્વર-અલ્લાહ-ગોડ, દેવી-દેવતાઓ વગેરે) દરેક મનુષ્યના દીલમાં વસે છે. વાસ્તવમાં આપણી સીંધુખીણની સૌથી પ્રાચીન અસલ ભારતીય સંસ્કૃતીએ આવી વાત સ્વીકારી નથી. એ સંજોગોમાં આજના આધુનીક વૈજ્ઞાનીક યુગમાં કે જયારે દુનીયા મોબાઈલ સ્વરુપે માણસની મુઠ્ઠીમાં સમાઈ ગઈ છે એવી જાગૃતીના અને વીવેકબુદ્ધીવાદી યુગમાં કોઈ આધુનીક શીક્ષીત વીદ્વાન ઈશ્વર તમામ મનુષ્યોના હૃદયમાં વસે છે એવી બેવકુફી ભરેલી

હાસ્યાસ્પદ વાત કેમ, કયારે અને શા માટે કરી શકે ? એ સંશોધનનો વીષય છે કારણ કે એવી વાત સામે એવો પ્રશ્ન ઉપસ્થીત થાય છે કે જગતમાં સર્વત્ર પ્રાચીનકાળથી આજપર્યંત જયારે ઈશ્વરમાં માનનારાં જ આસ્તીક આબાલ-વૃદ્ધ નરનારીઓ ઉપર બળવાન મનુષ્યો દ્વારા જ અનરાધાર અત્યાચારો થતાં જ રહયા છે ત્યારે અત્યાચારો કરનાર અને સહેનાર બન્નેના હૃદયમાં બેઠેલો ઈશ્વર જો નીરપેક્ષ, નીષ્ઠુર, નીષ્ફળ બનીને એ માત્ર જોઈ જ રહેતો હોય તો એવો નકામો ઈશ્વર આ જગતમાં હોય કે ન હોય તેનાથી શો ફેર પડે છે ? તો પછી એવા અન્યાયી ક્રુર અને કથીત સર્વજ્ઞ ઈશ્વરની પ્રાર્થના, પુજા અને ભકતી શા માટે ? માણસ કરતાં તો પશુ-પક્ષીઓ અને જીવ-જંતુઓ વધારે સમજદાર છે કે તેઓ ઈશ્વરની પાછળ તેને રીઝવવા માટેના બેવકુફ ક્રીયાકાંડો કરતા નથી. વીશાળ માનવ સમાજના તર્ક અને અનુભવનો વીષય તો એ છે કે કહેવાતો ન્યાયી, દયાળુ, સર્વજ્ઞ અને સર્વશકતીમાન ઈશ્વર આ જગતમાં કયાંય નથી. તેથી તેના અસ્તીત્વનો શ્રદ્ધા ય આસ્થાથી સ્વીકાર કરી લેવો તેમાં અંધશ્રદ્ધા સીવાય કશું જ નથી. આસ્થા કે શ્રદ્ધાને નામે ઈશ્વર કે દેવી-દેવતાનો પ્રચાર કરવો એ સખત સજાને પાત્ર અપરાધ ગણાવો જોઈએ કારણ કે એવા કુપ્રચારથી માનવ સમાજ ગુરુ, સ્વામી બાબાનો શીકાર બની તન-મન-ધનથી લુંટાય છે.

વૈજ્ઞાનીકોની શ્રદ્ધા પોતાના તર્ક અને અનુભવ પર આધારીત હોય છે. જયારે ઈશ્વર અને દેવી-દેવતાઓના અસ્તીત્વ પરની શ્રદ્ધા નીરાધાર કાલ્પનીક હોય છે. જેથી વૈજ્ઞાનીકોની અને નાસ્તીકોની શ્રદ્ધાની ભેળસેળ કરવી એ સમાજની છેતરપીંડી છે. સાચા અને પ્રમાણીક વીદ્વાનોએ વીવેકબુદ્ધીપુર્વક વીચારો રજુ કરવા જોઈએ.

# રેશનાલીઝમ તરફ વળાંક

**સત્યશોધક સભાના ઉપપ્રમુખ અતુલ પાઠકજીના 'રેશનાલીઝમ તરફ વળાંક' પુસ્તીકામાંનાં કેટલાંક રસપ્રદ વીધાનો**

## અસંમતી સાથે સહપ્રવૃત્તી

આ પુસ્તીકાની પ્રસ્તાવના મુરબ્બી નાનુભાઈ નાયકે લખી છે. નાનુભાઈ હવે આપણી વચ્ચે નથી, પરંતુ રેશનાલીઝમ માટે એમણે તન, મન, ધનથી જે કાર્ય કર્યું છે તેની તો સાદર નોંધ લેવી જોઈએ.

આ પુસ્તીકામાં નાનુભાઈએ એ હકીકત દર્શાવી છે કે અતુલભાઈ સત્યશોધક સભાના એલોપથી પરત્વેના અભીગમ સાથે સંમત નથી. આમ છતાં, આપણે જાણીએ છીએ કે અતુલભાઈ

સત્યશોધક સભાના હંમેશના ઉત્સાહી કાર્યકર રહયા છે. અસંમતી સાથે પણ સૌ સાથે મળીને કામ કરે છે. આ સંદર્ભે નાનુભાઈનું વીધાન :

'સત્યશોધક સભા'ના એલોપથી તરફી વીચારો સાથે આજે પણ શ્રી અતુલભાઈ પાઠકજી સંમત નથી, પરંતુ આ સીવાયના તમામ વીચારોમાં શ્રી અતુલભાઈ પાઠકજી 'સત્યશોધક સભા'માં વધુને વધુ સક્રીય બનતા ગયા અને કેટલાંક વર્ષ તેઓ એ 'સત્યશોધક સભા' માં નવી 'વકતૃત્વ સ્પર્ધા' અને 'નીબંધ સ્પર્ધા' પણ શરુ કરાવી.

* * *

## સુરતમાં આજથી બસો વર્ષ પુર્વે એક પ્રખર નાસ્તીક !

અતુલ પાઠકજી એમની 'રેશનાલીઝમ તરફ વળાંક' પુસ્તીકામાં એક રસપ્રદ અને રેશનાલીસ્ટો માટે આનંદદાયી હકીકત દર્શાવે છે. અતુલભાઈની વડનાના મણીશંકર દવે અંગે તેઓ જણાવે છે :

શ્રી મણીશંકર દવે વ્યાયામવીર, પહેલવાન, કુસ્તીબાજ, દોડવીર અને તરવૈયા તરીકે જાણીતા હતા. તેમને અંગ્રેજ સરકાર તરફથી 'રાવબહાદુર'નો ખીતાબ પ્રાપ્ત થયો હતો. શ્રી મણીશંકર દવે ખાસ ભણેલા ન હતા. તેઓ સંપુર્ણપણે નાસ્તીક હતા. તેઓ માત્ર એટલું જ કહેતા હતા કે જે ચીજ આપણે જોઈ શકતા નથી, તેવી કોઈપણ ચીજ માનવા હું તૈયાર નથી. આપણે સ્વર્ગ જોઈ શકતા નથી કે નર્ક જોઈ શકતા નથી. ભુત જોઈ શકતા નથી કે ઈશ્વર જોઈ શકતા નથી. માટે આવી કોઈપણ બાબત પર મને વીશ્વાસ નથી. જયારે ઈશ્વર પર જ વીશ્વાસ ન હોય, ત્યારે ધર્મ પાળવાનો તો પ્રશ્ન જ ઉભો થતો નથી.

પોતાનું નીવાસસ્થાન ઉતારી પાડી તેમના પીતા ત્યાં હાટકેશ્વર મહાદેવનું મંદીર બંધાવી રહયા હતા, તે બાંધકામ તેમણે બંધ કરાવ્યું, અને તે સ્થળે એક વીશાળ અખાડો તૈયાર કરાવ્યો. આ અખાડામાં તેઓ જાતે અનેક યુવકોને મલ્લકુસ્તી, લાઠી ફેરવવાનું, ભાલાફેંક, ધનુષ-બાણની નીશાનબાજી જદા-જુદા પ્રકારની કસરતો વગેરે શીખવવા લાગ્યા.

* * *

## નાસ્તીકોએ કેવા કેવા બલીદાન આપવા પડે છે ! :

અતુલ પાઠકજી એમની 'રેશનાલીઝમ તરફ વળાંક' પુસ્તીકામાં એમના દાદા બાલકૃષ્ણ માત્ર નાસ્તીક હોવાથી એમના માતા બાલકૃષ્ણ એમની સાથે રહયા નહીં, અને એમના પત્નીએ

બાલકૃષ્ણના  ક્ષય રોગને કારણે અકાળે થયેલા મૃત્યુ માટે નાસ્તીકતાને જવાબદાર ઠેરવેલી ! આ અંગે વાંચો અતુલભાઈનાં વીધાન :

મારા વડદાદા રાવબહાદુર વીરભદ્ર પાઠકજીનું ઈ.સ. ૧૯૧૫માં અવસાન થયું. આ પછી મારી વડદાદી શ્રીમતી પરીજ્ઞાનગૌરી મારા દાદા સાથે રહેતા ન હતા. મારા દાદા શ્રી બાલકૃષ્ણ પાઠકજી નાસ્તીક હોવાથી તેઓ મારા દાદાના મોટાભાઈ શ્રી ભાલચંદ્ર પાઠકજી સાથે રહેતા હતા. શ્રી ભાલચંદ્ર પાઠકજીને ત્યાં મારા વડદાદી શ્રીમતી પરીજ્ઞાનગૌરીને ધાર્મીક પુજા વગેરેની વધુ અનુકુળતા રહેતી.

મારા દાદા શ્રી બાળકૃષ્ણ પાઠકજીને ક્ષય રોગ લાગુ પડયો, અને તે સમયે તેની દવા શોધાઈ ન હોવાથી તેમનું માત્ર ૪૭ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૨૩માં અવસાન થયું.

મારા દાદી શ્રીમતી અનંતાબહેન પાઠકજી ચીત્રકળા, સાથીયા, રંગપુરણી, ભરત-ગુંથણ વગેરેમાં નીષ્ણાત હતા. તેમને સમગ્ર ગુજરાત કક્ષાની સ્પર્ધાઓમાં આ માટે પારીતોષીકો પણ મળ્યાં હતા. તેઓ ચુસ્ત ધાર્મીક વીચારો ધરાવતા. તેઓ એમ માનતા કે તેમના પતી શ્રી બાળકૃષ્ણ પાઠકજી નાસ્તીક હોવાને કારણે જ તેમને ક્ષય રોગ લાગુ પડયો, અને તેઓ માત્ર ૪૭ વર્ષની ઉંમરે ગુજરી ગયા. આ રીતે તેઓ નાસ્તીક હોવાને કારણે તેમને ઈશ્વરે મોતની સજા આપી.

*                    *                    *

## સમજ હોય ત્યાં સુમેળ !

અતુલભાઈના કુટુંબના વેલામાં દરેક પેઢીમાં નાસ્તીક (રેશનાલીસ્ટ) અને આસ્તીકનું સાયુજય ચાલતુ. એ સાયુજય એમના માતા-પીતા સુધી આવ્યું, પરંતુ એમનાં માતા-પીતાને પરસ્પરના અભીગમની સાચી સમજ હતી. આથી એમની વચ્ચે સુમેળ રહયો. એમનું દાંપત્ય પ્રસન્ન રહયું. વાંચો અતુલ પાઠકજીને એમની ‘રેશનાલીઝમ તરફ વળાંક’માંની પુસ્તીકામાં :

ડો. પ્રમોદચંદ્ર પાઠકજી સંપુર્ણપણે નાસ્તીક હતા. તેમના માતા શ્રીમતી અનંતાબેન પાઠકજીના અવસાન બાદ તેઓ ઘરમાં હતા તે તમામ ભગવાનની મુર્તીઓ તેમ જ ફોટાઓ લઈને અન્ય આસ્તીકોને આપી દીધા હતા. આથી ઘરમાં પુજા કરવા માટે કોઈ મુર્તી રહી ન હતી.

મારા માતા શ્રીમતી ચંદ્રીકાબેન પાઠકજી ધાર્મીક વીચારો ધરાવતા હતાં. કોઈપણ ધાર્મીક બાબતે મારાં માતા-પીતા વચ્ચે કોઈ મતભેદ  થયો હોય કે ઝઘડો થયો હોય, તેવું કદી પણ બન્યું ન હતું. બન્ને પોતપોતાની રીતે રહેતાં હતાં. બન્ને વચ્ચે મનમેળ સારો હતો.

*                    *                    *

## અતુલભાઈને મળેલો વારસો

નાસ્તીકતા અને આસ્તીકતાના દ્વંદ્વમાં અતુલભાઈને કેવી રીતે રેશનાલીઝમનો વારસો મળ્યો, તે વાંચો એમન 'રેશનાલીઝમ તરફ વળાંક' પુસ્તીકામાં એમના શબ્દોમાં :

મારા હાથમાં એક વખત નાના રાવબહાદુર દીનમણીશંકર રમાશંકર શાસ્ત્રીએ લખેલું 'ચાર્વાકના વીચારો' નામનું પુસ્તક હાથમાં આવ્યું. આ પુસ્તકમાં મુખ્ય વીચાર એવો છે કે જે કંઈ છે તે બધું આ દુનીયામાં જ છે. બીજી દુનીયા જેવું કશું જ નથી. સ્વર્ગ-નર્કનું અસ્તીત્વ જ નથી. આથી તમને જે કંઈ ભોગવવાની ઈચ્છા હોય તે આ દુનીયામાં જ તમારે ભોગવી લેવું. યજ્ઞ, હવન વગેરે કરવાથી કંઈ ફાયદો જ નથી કારણ કે જે ઈશ્વરને પ્રાપ્ત કરવા તમે આ બધું કરો છો, તેનું અસ્તીત્વ જ નથી. શ્રી દીનમણીશંકર શાસ્ત્રી સંસ્કૃતના પ્રખર પંડીત હતા. તેમનું વાંચન ઘણું ઉંડું હતું. તેઓ વીદ્વાન તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા હતા. તેમણે અનેક વીચારોના જુદા જુદા ગ્રંથો લખ્યા હતા. આ પુસ્તકના છેલ્લા પ્રકરણમાં તેમણે જણાવ્યું હતું કે ચાર્વાકના વીચારો વીષે આ ગ્રંથ મેં લખ્યો છે. હું માનં છું કે ચાર્વાકે શું કહયું હતું તે પણ લોકોએ જાણવું જોઈએ. આથી મેં આ ગ્રંથ લખ્યો છે. હું પોતે ચાર્વાકના વીચારો સાથે સંમત નથી.

શ્રી દીનમણીશંકર શાસ્ત્રીએ લખેલા આ ગ્રંથને કારણે મારા મનમાં ઘણાં વીચારો આવવાના શરુ થયા.

તે વર્ષોમાં હું 'ઈન્ડો-સોવીયેત કલ્ચરલ સોસાયટી (ઈસ્કસ)' માં ખુબ સક્રીય બન્યો હતો. હું સોવીયેત સાહીત્ય વીગતવાર વાંચતો, અને તેમાં પણ ઈશ્વરના અસ્તીત્વ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવતા હતા.

શ્રી નરેન્દ્રભાઈ દવેના આમંત્રણને માન આપીને હું વડોદરા ગયો અને ત્યાં ડો. કોવુરનું 'રેશનાલીઝમ' ઉપર વ્યાખ્યાન સાંભળ્યું. આ પછી ભારતનાં અન્ય કેટલાંક શહેરોમાં શ્રી નરેન્દ્રભાઈ દ્વારા ગોઠવાયેલાં ડો. કોવુરનાં વ્યાખ્યાનો પણ સાંભળ્યા.

આ અરસામાં સુરત નજીક 'રૂંઢનાથ મહાદેવ' મંદીરમાં મોટો યજ્ઞ થવાનો હતો. આ યજ્ઞમાં ખુબ અનાજ તેમ જ ઘી હોમવામાં આવનાર હતું. જયારે લોકોને ખાવા માટે ઘી મળતું ન હોય કે અનાજ મળતું ન હોય, ત્યારે તે આ રીતે અગ્નીમાં હોમી દેવું એ જરાય સારું ન

કહેવાય, એમ હું માનતો હતો. શહેરની કેટલીક વ્યકતીઓ  આ સામે વીરોધ કરવા અને પીકેટીંગ કરવા તૈયાર થઇ હતી, જેમાં પ્રા. બાબુભાઈ દેસાઈ, એડવોકેટ ભગીરથ શાહ વગેરે મારા પરીચીત હતા. આ લોકોની સાથે હું 'રૂંઢનાથ મહાદેવ' ખાતે થનાર યજ્ઞની વીરુદ્ધના આંદોલનમાં જોડાયો, અને તેમાં સક્રીયપણે ભાગ ભજવ્યો. તે સમયે  હું અનાજ અને ઘીનો આ રીતે થતો બગાડ અટકાવવો જોઈએ, એવું નીશ્ચીતપણે માનતો હતો, પરંતુ 'રેશનાલીઝમ' બાબતમાં હજી પણ થોડો દ્વીધામાં હતો.

પ્રા. રમણભાઈ પાઠક દ્વારા 'ગુજરાતમીત્ર' માં લખવામાં આવતા લેખ 'રમણ-ભ્રમણ' ને મારા પીતા શ્રી ડો. પ્રમોદચંદ્ર પાઠકજી નીયમીત રીતે વાંચતા અને ખુબ વખાણ કરતા. તેઓ મને વારંવાર કહેતા કે આ પ્રા. રમણભાઈ પાઠકના લેખ ખુબ વાંચવા જેવા હોય છે. આથી મેં તે વાંચવાના શરુ કર્યા. જે વર્ષોથી હું વાંચી રહયો છું, અને અત્યારે 'રમણ-ભ્રમણ'ની કોલમ બંધ થઈ ત્યાં સુધી મેં આ લેખો વાંચ્યા હતા. આ લેખોએ મારી વીચારધારા પર ઘણી અસર કરી.

આ સમયગાળા દરમ્યાન મારો ધાર્મીક બાબતો પરનો ઘણો વીશ્વાસ ઉઠી ગયો હતો. મેં રોજબરોજ મંદીરે જવાનું, ગાયત્રી મંત્ર બોલવાનું, કથાઓમાં બેસવાનું, જનોઈ પહેરવાનું વગેરે બંધ કરી દીધું હતું.

એક દીવસ રાત્રે નવેક વાગે હું ચૌટાપુલ પાસે બ્રીજ પાસે આવેલી શ્રી સહદેવભાઈ ચૌધરીની ઓફીસે ગયો. તેઓ સુરત જીલ્લા પંચાયતના પ્રમુખ હતા, અને તે સમયે સાથે મને યાદ છે ત્યાં સુધી સેલ્સટેક્ષની પ્રેકટીસ કરવા માટે દરરોજ રાત્રે આ ઓફીસ પર બેસતાં તા. હું ત્યાં બેઠો હતો, ત્યારે શ્રી ભગીરથ શાહ આ ઓફીસમાં આવ્યા. કેટલોક સમય પછી અમે બન્ને સાથે ત્યાંથી નીચે ઉતર્યા. આ પછી શ્રી ભગીરથ શાહ અને હું વાતે વળગ્યા. ચૌટા પાસે એકાદ દુકાનના ઓટલા પર બેસીને અમે કલાકથી દોઢ કલાક સુધી વાતો કરી. શ્રી ભગીરથ શાહે 'સત્યશોધક સભા' નામની સંસ્થાની સ્થાપના થવાની છે, એ બાબતમાં માહીતી આપી. આ સંસ્થા દ્વારા 'રેશનાલીઝમ'નો પ્રચાર કરવામાં આવશે, એવું જણાવ્યું. આ સંસ્થામાં સક્રીય બનવા કહ્યું. મને જણાવ્યું કે આ સંસ્થાનું પ્રમુખસ્થાન શ્રી ગોરધનદાસ ચોખાવાળા સંભાળનાર છે, અને પ્રા. કે. સી. મહેતા વગેરે પણ જોડાવાના છે. ત્યારપછી મેં આ અંગે વીચાર્યું. બીજે દીવસે જ હું શ્રી ગોરધનદાસ ચોખાવાળાને મળવા ગયો, અને એમણે મને  'સત્યશોધક સભા' અંગે  જણાવ્યું. અંધશ્રદ્ધા વીરુદ્ધ કામકાજ કરવામાં આવશે. કહેવાતા ચમત્કારોનો તેમ જ ધાર્મીક ધતીંગોનો વીરોધ કરવામાં આવશે. આ પ્રવૃત્તી ઘણી સારી છે અને તેમાં તમે જોડાઈ જાઓ.

શ્રી ગોરધનદાસ ચોખાવાળા સુરત શહેરના પ્રથમ મેયર હતા. એ ઉપરાંત તેઓ ગુજરાત રાજયના શીક્ષણ તેમ જ સમાજ કલ્યાણ ખાતાના મંત્રી હતા. તેમની સાથે હું 'રીમાન્ડ હોમ', 'અંધજન શાળા' અને 'વીદ્યામંદીર સોસાયટી (વાડીયા વીમેન્સ કોલેજ તેમ જ સીટીઝન સ્કુલનું સંચાલન કરતી સંસ્થા)' માં કાર્યવાહક સમીતીના સભ્ય તરીકે કામ કરતો હતો. તેથી હું શ્રી ગોરધનદાસ ચોખાવાળા સાથે ઘનીષ્ઠ પરીચયમાં હતો, અને શ્રી ગોરધનદાસ ચોખાવાળાના કહેવાથી 'સત્યશોધક સભા' માં જોડાઈ ગયો.

ઈશ્વર સર્વ સત્તાધીશ છે અને એ તમામ બાબતોનું સંચાલન કરે છે, એવા વીચારો પર મારો વીશ્વાસ ઉઠી ગયો. મેં એ વાત પણ સ્વીકારી લીધી કે ઈશ્વરનું અસ્તીત્વ છે જ નહીં, ત્યારે ઈશ્વરને પામવા માટે જુદા જુદા ધર્મો પાળવા, એ પણ તદ્દન નીરર્થક છે. કોઈપણ બાબતમાં સત્ય શું છે, તે હું વીચારતો થયો, અને દરેક બાબતમાં વૈજ્ઞાનીક અભીગમ રાખવા માંડયો. હું મહદ્ અંશે રેશનાલીસ્ટ બની ગયો, અને નાસ્તીક વીચારો ધરાવવા લાગ્યો.

'સત્યશોધક સભા' તરફથી એક વર્ષે મારા પીતા શ્રી પ્રમોદચંદ્ર પાઠકજીની સ્મૃતીમાં 'વકતૃત્વ સ્પર્ધા', અને એક વર્ષે શ્રી બાળકૃષ્ણ પાઠકજીની સ્મૃતીમાં 'નીબંધ સ્પર્ધા'નું આયોજન નીયમીત રીતે કરવામાં આવે છે.

---


**'સત્યાન્વેષણ' માસીક**

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ રુલ્સ, ૧૯૯૬ અન્વયે**

**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**

**ફોર્મ નં. : ૪ (નીયમ નં. ૮ મુજબ)**

સમાચારપત્રનું નામ : 'સત્યાન્વેષણ' પ્રકાશનની સામયીકતા : માસીક, સમાચાર પત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત, શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત રાષ્ટ્રીયતા : ભારતીય, માલીક : સત્યશોધક સભા, સરનામુ : C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. અવધી : માસીક-કીંમત : વાર્ષીક લવાજમ રૂા/. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/. હું સુર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વીગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૨૩** **સુર્યકાન્ત શાહ**

# રેશનલ ચળવળ

રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળ રાજકોટની ‘વીજ્ઞાન જાથા’ સંસ્થાના કાર્યક્રમો :

૧. સૌરાષ્ટ્રના ખામટા ગામમાં મહીલા કોલેજની એન. એસ. એસ. શીબીરમાં જાથાના ૧૦૦૧૧મા કાર્યક્રમ હેઠળ શીબીરાર્થીઓને અને ગ્રામજનો સમક્ષ ચમત્કારોનું નીદર્શન કરવામાં આવ્યું હતું. જયંત પંડયાએ પોતાના પ્રવચનમાં અને પ્રશ્નોત્તરીમાં સૌને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવાની હાકલ કરી હતી.

૨. મકર સંક્રાંતી પ્રસંગે પંડયાએ જણાવ્યું હતું કે એ જ દીવસે દાન-દક્ષીણા કરવાથી વધારાનું કોઈ પુણ્ય મળતું નથી. મુળમાં પાપ-પુણ્યની સંકલ્પના જ અવાસ્તવીક છે. સત્કાર્યો તો વર્ષના કોઈપણ દીવસે કરી શકાય.

૩. સૌરાષ્ટ્રના મહીડા ગામમાં ભુવો મહીલાઓ સાથે શારીરીક છેડછાડ કરતો હતો. વીજ્ઞાન જાથાએ એને પડકાર્યો. એના ધતીંગ બંધ કરાવ્યા.

૪. રાજકોટના ગૌરીદળમાં વીજ્ઞાન જાથાનો ‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમ યોજાયો.

૫. પ્રજાસત્તાક દીને વીજ્ઞાન જથાએ રાજકોટમાં રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ અને શૌર્યગીત-ધ્વજવંદનના કાર્યક્રમો યોજયા.

૬. ગોંડલની ભગવતસીંહજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. શીબીરમાં જાથાએ શીવરાજગઢમાં અંધશ્રદ્ધા નીવારણ કાર્યક્રમ યોજયો હતો.

૭. પાંચ હજાર પશુઓની બલી જેના નામે ચઢી છે તે કાળભૈરવના ભુવા શામજીબાપુનો પર્દાફાશ કર્યો હતો.

૮. રાજકોટ પાસેના પીપરલીયા ગામમાંના પથરીના દર્દીને ભભુતી આપતા મામાદેવનો ભાંડાફોડ કર્યો.

૯. કેશોડ અને ચોરવડ પોલીસ સ્ટેશનની મદદથી પશુબલીના ક્રુર ધતીંગને બંધ કરાવ્યું.

૧૦. મોરારીબાપુની હાજરીમાં પંડયાએ સ્પષ્ટ જણાવ્યું કે મૃત્યુ પામેલા પીતૃ, સુરીપુરા, ગ્રહો કે ગ્રહણો માણસને નડતા નથી. નડે છે તો કેટલાક જીવતા માણસો.

૧૧. બહુચરાજીમાં જાથાએ ૧૦૦૧૫મો કાર્યક્રમ કરીને શ્રોતાઓને વૈજ્ઞાનીક અભીગમ કેળવવા હાકલ કરી.

(વધુ ટા. નં. ૩ ઉપર)

**(અનુ. પાના. નં. ૨૪ નું)**

૧૨. રાજકોટ પાસે આજી ડેમ નજીક માતાજીના સ્થાને ૨૦ હજાર પશુબલી થવાની ગણતરી છે. વીવીધ માનતા પુરી કરવા આ બલી આપવામાં આવી હતી. જાથાએ તે બંધ કરાવ્યું.

૧૩. કાલાવડ નદી કીનારે ચમત્કારીક રીતે વહેતા પાણીનો પર્દાફાશ કર્યો.

૧૪. વેરાવળમાં બાદલપરા પંચાયતના ઉપક્રમે અંધશ્રદ્ધા નીવારણનો કાર્યક્રમ ગ્રામજનો સમક્ષ રજુ કર્યો.

૧૫. ખંભાતીયામાં લોટનાં પુતળાં બનાવી વીધીના નામે થતી છેતરપીંડીને અટકાવી.

૧૬. પીતૃગૃહ નડતર દુર કરવાના નામે લાખ-લાખ રુપીયા પડાવતા ધુતારાનો પર્દાફાશ કર્યો.

૧૭. મુંજાવર નીવારણની વીધીની અઢી લાખની ફી ઉઘરાવવા તારાપુરના ઉસ્માન બાપુની પોલ પકડીને તે ધંધો બંધ કરાવ્યો.

૧૮. બાબાની આંખમાંથી કાંકરા નીકળવાની સુરેન્દ્રનગર જીલ્લાના ગામમાં થતા આ તમાશાને બંધ કરાવ્યો.

૧૯. સાંચલાનાળા પાસેનાની બાબાને અપશુકનીયાળ ગણીને એના પર થતા જુલમને બંધ કરાવ્યો.

૨૦. મસદણ પોલીસ સ્ટેશનમાં અંધશ્રદ્ધા નીર્મુલન જનજાગૃતી કાર્યક્રમ કર્યો.

૨૧. મોગલયુગના બાપુએ જાથા અને જયંત પંડયાના ઉપલેટા ખાતે લાખો રુપીયાના થતા કરેલા પર્દાફાશની પ્રશંસા કરી.

૨૨. જસદણના ગોંડલ ધામમાં ૧૩ વર્ષથી ચાલતી ભુવાની ધતીંગલીલા બંધ કરાવી.

૨૩.બીલેશ્વરધામના વીરેન્દ્ર શાસ્ત્રી વીરુદ્ધ જાથા અને જયંત પંડયાએ દર્શાવેલ હીંમતનો ઉલ્લેખ ‘સત્યાન્વેષણ’ના તા. ૧૫-૬-૨૩ ના અંકમાં કર્યો છે.

૨૪. પચાસ વર્ષથી કાળાચીટના ભુવાની ચાલતી ધતીંગલીલા બંધ કરાવી.

૨૫. એ જ પ્રમાણે બામણ ગામના મુંજાવરની ૪૪ વર્ષ જુની ધતીંગલીલા બંધ કરાવી.

૨૬. ચુડામાં સ્વામી નારાયણના મંદીરના પુજારીએ એક મહીલા ડાકણ હોવાના મુકેલા આરોપને સફળતાપુર્વક પડકાર્યો.

---

**સત્યશોધક સભાને દાન**

**સત્યશોધક સભાને શ્રી ચંપકલાલ મંગળદાસ પટેલે રૂા. ૧૦,૦૦૦નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of posta

## <u>આપણા દાતા</u>



**ચંપકલાલ એમ. પટેલ**
૨-ક્વીન કોટેજ એપાર્ટમેન્ટ,
૧૪, એવન્યુ રોડ, ઉમરા,
ગોકુળ રો હાઉસ પાસે,
સુરત.

હું સત્યશોધક સભાનો આજીવન સભ્ય છું. હું રમણભાઈ પાઠકને મારા ગુરુ માનું છું એટલે ‘સત્યશોધક સભા’ને મે આપેલ દાન એ મારી ગુરુદક્ષીણા રુપે છે. રમણભાઈ પાસે મેં પ્રત્યક્ષ જ્ઞાન નથી લીધું, પરંતુ ‘રમણભ્રમણ’ ના તેમના લેખો અને તેમનાં પુસ્તકો વાંચી રેશનાલીઝમના પાઠો ભણ્યો છું, અને રેશનલ વીચારધારા અપનાવી છે. રમણભાઈ લખે છે કે, ‘ભુત-પ્રેત અને ભગવાનમાં કંઈ ફરક નથી. એ ફકત કલ્પના જ છે.’ રમણભાઈ વધુમાં લખે છે કે, ‘બધા ધર્મપુસ્તકોને દરીયામાં પધરાવી દેવાં જોઈએ કારણ કે તેઓ અસત્યોથી ભરપુર છે, અને ફકત અંધશ્રદ્ધા જ ફેલાવે છે.’

સત્યશોધક સભાના ઘણા કાર્યક્રમોમાં મેં ભાગ લીધો છે જેને કારણે મારા રેશનાલીઝમની વીચારધારાનો પાયો વધુ મજબુત બન્યો છે, અને હું પુર્વગ્રહોથી મુક્ત થઈ મુક્ત જીવનશૈલી અપનાવી આનંદપુર્વક જીવન જીવવાનું શીખી ગયો છું. સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયાસો ખુબ જ વેગપુર્વક આગળ વધે અને વીકસે એવી મારી હાર્દીક શુભેચ્છા છે.

(‘રમણ પાઠક જન્મ શતાબ્દી’ વર્ષે આનાથી વધારે સારી કઈ અંજલી હોઈ શકે ?)

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**